## હળવેથી

પેલું નાનું પાન પવનમાં હળવેથી કાંપ્યું
પવન તે પાન પાસેથી પસાર થતાં થતાં હળવેથી કાંપ્યો
ત્યાં બેઠેલું એક બાળક ઠંડીથી જરાક કાંપ્યું
એક વૃદ્ધના લગભગ મરણાસન્ન ચહેરા પર
જીવન ફરીથી કાંપ્યું અને શાંત થઈ ગયું.

## ડોસી

ડોસીની થેલીમાં
થોડાં ફળ હતાં સુકાયેલાં
થોડી દબાયેલી આકાંક્ષાઓ
થોડા વણકહ્યા રહી ગયેલા શબ્દ.
ડોસીના ઘરમાં અનાજ ન હતું,
ન કંઈ પાથરવાનું
ન કોઈ, કોઈના હોવાનો અવાજ.
પોતાની થેલી બગલમાં દબાવી
ડોસી ફેલાઈને પડી રહે છે
ઓસરીમાં
જાણે જીવન પથરાયું હોય મૃત્યુની ફરસ પર.

## જ્યારેત્યારે

જ્યારે બધાં અપમાન ઝરી ગયાં,
જ્યારે કરમાઈ ગઈ બધી ઇચ્છાઓ,
જ્યારે ગલીમાં આગળ જવાની જગ્યા ન રહી –
ત્યારે તે ઉદારચરિત દેવ આવ્યો
વીતી ગયેલા જીવનની ગાથામાંથી
કેટલાંક ચરિત્ર, કેટલીક ઘટનાઓ પાછી લાવી
તેમની ધૂળ-મેલ સાફ કરી
તેમને ભેટની જેમ ઊજળાં બનાવતો.

## શરૂઆત

તે બધા ચાલ્યા ગયા
બધાને કચડીને, ધ્વસ્ત કરીને
આશ્વસ્ત થઈને કે તેમણે કંઈ પણ અક્ષત નથી રાખ્યું.
ત્યારે સૂકાં પાંદડાંઓના ઢગલામાં ગુમ થયેલા કીડાની જેમ
એક શબ્દ આવ્યો
અને તેણે પોતાના મોંમાં થોડીક માટી
અને તણખલું ઉપાડી બનાવવાની શરૂઆત કરી.

## તે આવ્યો

દેવો એ રસ્તા વાળ્યા,
હારબંધ ઊભા રહી ગયા બંને બાજુ દેવદૂત,
આકાશ થયું નીલ-ઉજ્જ્વળ,
પૃથ્વી પુણ્યપ્રસૂતા,
જ્યારે તે આવ્યો
જેને પછીથી કહેવામાં આવ્યો માણસ
પછી આવ્યું જીવન, પછી આવ્યું મૃત્યુ.

## શું જોઈએ?

તારે જીવવા માટે
ઓછામાં ઓછું શું જોઈએ?
જરાક રોટલી, થોડું મીઠું, પાણી,
એક ઘર, એક શેતરંજી, એક ચાદર,
એક જોડી કપડાં, એક થેલો,
બે ચંપલ,
થોડા શબ્દ, એકાદ પુસ્તક, થોડો ગણગણાટ,
બે-ચાર ફૂલ, માતૃસ્મૃતિ,
વીતી ગયેલું બાળપણ,
નજીક આવતું મૃત્યુ.

તારે કવિતા લખવા માટે શું જોઈએ?
ઘણું લાંબું જીવન, પૂર્વજ,
પ્રેમ, આંસુ, અપમાન,
લોકોનો કોલાહલ, જંગલનું એકાંત,
ભાષાનું ઘર, લયનું અંતરિક્ષ,
રોટલીનો ટુકડો, મીઠાની ગાંગડી,
પાણીનો ઘડો
અને નિર્દય આકાશ.